દ્વારકાના આંગણે ચાલતા ધર્મોત્સવમાં હાજરી આપતા પરિમલ નથવાણી

દ્વારકા : દેવભૂમિ દ્વારકાની દિવ્યભૂમિમાં દ્વારકાના ધારાસભ્ય પબુભા માણેક અને સમસ્ત પરિવારના સહયોગથી ધર્મોત્સવ ઉજવાઈ રહ્યો છે. પૂ. શ્રી નેપાલીબાપુના આશીર્વાદથી મહામંડલેશ્વર શ્રી કનકેશ્વરીદેવીની ગુરુપરંપરા વાણીમાં ભવ્ય ચંડી મહાયજ્ઞ અને શ્રીમદ્ દેવી ભાગવત કથાનું જાજરમાન આયોજન કરાયું છે. આ પ્રસંગે રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડના કોર્પોરેટ અફેર્સ ડિરેક્ટર તથા રાજ્યસભાના સાંસદ પરિમલ નથવાણીએ હાજરી આપી હતી. પાવન પ્રસંગે ઉપસ્થિત રહી પરિમલ નથવાણીએ ધન્યતા અનુભવી હતી. તેઓએ શ્રીમદ્ દેવી ભાગવત કથામાં આધ્યાત્મિક દિવ્યતા સાથે ભક્તિરસનો લાભ લઈ પબુભા માણેક તથા સમસ્ત પરિવાર પ્રત્યે આભાર વ્યક્ત કર્યો હતો અને દ્વારકાધીશ ભગવાનની કૃપાથી ભવિષ્યમાં પણ આવા દિવ્ય આયોજન થતા રહે તેવી શુભેચ્છા પાઠવી હતી.

કાલાવડના બેરાજા ગામનો સજા પામેલ ફરાર શખ્સ એક વર્ષે ઝડપાયો

જામનગર : જામનગર જિલ્લાના કાલાવડ તાલુકાના બેરાજા ગામે રહેતા શખ્સને સજા પડ્યા બાદ ફરાર થઈ ગયો હતો. જેને પોલીસે ફરી ઝડપી લઈ આગળની કાર્યવાહી હાથ ધરી છે.

કાલાવડ તાલુકાના બેરાજા ગામમાં રહેતા હરેશ હકાભાઈ મકવાણા કે જેને ૨૦૨૪ ની સાલના એક કેસમાં જામનગરની અદાલતમાં સજા ફટકારવામાં આવી હતી, અને ત્યારથી આરોપી નાસ્તો ફરતો રહ્યો હતો.

જે આરોપીને પકડવા માટે પોલીસના ઉચ્ચ વિભાગ ના અધિકારીઓ દ્વારા સૂચના આપવામાં આવી હતી, જેના અનુસંધાને કાલાવડ ગ્રામ્ય ના પી.આઈ. પી.જી પનારા અને તેઓની ટીમે ગઈકાલે વોચ ગોઠવી બેરાજા ગામમાં આવેલા હરેશ હકાભાઈ મકવાણાને ઝડપી લીધો છે, અને તેને અદાલત સમક્ષ રજૂ કરવા માટેની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

જામ્યુકોના અવેજી સફાઈ કર્મચારીઓના પીએફમાં ભ્રષ્ટાચાર થતો હોવાના આક્ષેપ સાથે આવેદન

તસવીરઃ સુનિલ ચુડાસમા

જામનગર : જામનગરમાં અવેજી સફાઈ કર્મચારીઓના પીએફમાં ભ્રષ્ટાચાર થતો હોવાના આરોપ અને પગારમાં વિલંબ અટકાવની માંગ સાથે રાષ્ટ્રિય સફાઈ મજદૂર કર્મચારી યુનિયન દ્વારા કમિશનર અને ડેપ્યુટી કમિશનરને રજૂઆત કરાઈ છે.

જામનગર મહાનગરપાલિકાનાં સોલીડ વેસ્ટ શાખાનાં ૭૦૦થી ૮૦૦ અવેજી સફાઈ કર્મચારીઓ ફરજ બજાવી રહ્યા છે ત્યારે જામનગર મહાનગરપાલિકા દ્વારા ઘણા એવા સફાઈ કર્મચારીઓના પગાર ESI કાગળો માટે વગર નોટીસે અટકાવવામાં આવ્યા છે જે મજુર કાયદા જે મજુર વિવાદ ગણાય છે.

જ્યારે જામનગર મહાનગર પાલિકાની સોલીડ વેસ્ટ શાખામાં ૨૦૧૭ થી જે અવેજી સફાઈ કર્મચારીઓના હજી સુધી કામ કરે છે અને તેના પગાર માંથી EPF કપાઈ છે પરંતુ તેના ખાતામાં હજી EPF ના નાણી જમાં કરવામાં આવ્યા નથી. જેમાં પણ મોટાપાયે ભ્રષ્ટાચાર રહ્યો હોય તેવા આક્ષેપ થઈ રહ્યા છે. જે જે અવેજી સફાઈ કર્મચારીઓ સાથે અન્યાય થઈ રહ્યો છે અને જેના જેના ખાતામાં પીએફના નાણાં જમા નથી થયા તેના ખાતામાં નાણાં તાત્કાલિક જમા કરવામાં આવે અને જે અવેજી સફાઈ કર્મચારીઓના ESI ના કારણે પગાર રોકવામાં આવ્યા છે તેના પગાર પણ તાત્કાલિકના ધોરણે ચૂકવવામાં આવે. જો EPF તથા તાત્કાલિકનાં ધોરણે પગાર ચૂકવવામાં નહીં આવે તો ના છુટકે અવેજી સફાઈ કર્મચારીઓને સાથે રાખી મેં પ્રકારની સફાઈની કામગીરીથી અળગા રહી હળતાલ તથા આંદોલન કરવાની ફરજ પડશે. તેમ રાષ્ટ્રિય સફાઈ મજદૂર કર્મચારી યુનિયન દ્વારા રજૂઆતના અંતમાં જણાવાયું છે.

ધરમ કરતા ધાડ પડી...જામનગરમાં યુવતી ગરીબ બાળકોને નાસ્તો દેવા જતા ડેકીમાંથી મોબાઈલની ઉઠાંતરી

કમાન એન્ડ કંટ્રોલની ટીમે તાત્કાલિક ટાબરીયો અને તેની માતા પાસેથી મોબાઈલ કબજે કર્યો

તસવીરઃ સુનિલ ચુડાસમા

જામનગર : જામનગરમાં એક યુવતી દાનપુન કરવા જતા ધરમ કરતા ધાડ પડી તેવો કિસ્સો સામે આવ્યો છે. શહેરના અંબર ચોકડી વિસ્તારમાં ગરીબ બાળકોને બિસ્કીટ આપવા માટે આવી હતી જે દરમિયાન તેણીના સ્કૂટરની ખુલ્લી ડેકી માંથી મોબાઈલ ફોનની ઉઠાંતરી થઈ ગઈ હતી, જે મામલો પોલીસના કંટ્રોલ એન્ડ કમાન્ડની ટીમ સુધી પહોંચ્યો હતો, અને તેઓએ માત્ર અડધો કલાકના સમયગાળામાં મોબાઈલ સેરવી લેનાર ટાબરિયા અને તેની માતાને શોધી લીધા હતા, અને મોબાઈલ ફોન કબજે કરી લીધા બાદ મૂળ માલિકને પરત સોંપી દીધો હતો.

આ બનાવની વિગત એવી છે કે જામનગરમાં ગુલાબનગર નજીક નારાયણનગર વિસ્તારમાં રહેતી તન્વીબેન જયેશભાઈ સાવલાણી નામની યુવતી અંબર ચોકડી પાસે આવેલી બાવરીવાસમાં નાના ગરીબ બાળકોને બિસ્કીટ વગેરે નાસ્તો લઈને પહોંચી હતી. જ્યાં બાળકોને એકત્ર કરીને પોતાના સ્કૂટરની ડેકીમાંથી બિસ્કીટના પડીકા વગેરે કાઢીને તેનું વિતરણ કરી રહી હતી, જે દરમિયાન ડેકીમાં રાખેલો ૧૮ હજારની કિંમતનો મોબાઈલ ફોન કોઈએ સેરવી લીધો હતો, અને રફુચક્કર થઈ ગયો હતો.

ત્યારબાદ તન્વીબેનને પોતાનો મોબાઈલ ફોન ગુમ થયાની જાણકારી મળતાં તેમણે તુરત જ પોલીસ વિભાગના કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર (નેત્રમ) ની ટીમનો સંપર્ક સાધ્યો હતો. જ્યાં હાજર રહેલા પોલીસ સબ ઈન્સ્પેક્ટર બી. બી. સિંગલ તેમજ સ્ટાફના એએસઆઈ પરેશભાઈ ખાણધર તથા અન્ય સ્ટાફના રીનાબા વાઘેલા, પારુલબા જાડેજા, વર્ષાબા જાડેજા, મિતલબેન સાવલિયા અને એન્જિનિયર પ્રીતેશ હરણ વગેરે સ્થળ પર પહોંચી જઈ અંબર ચોકડી પાસે આવેલા સીસીટીવી કેમેરાની મદદથી પીળા શર્ટ વાળા એક ટાબરીયાની ઓળખ કરી લીધી હતી, અને સીટી બી. ડિવિઝન પોલીસે તુરત જ ઝુપડપટ્ટીમાં જઈ બાળકને શોધી લીધો હતો.

જ્યાં બાળક અને તેની માતાએ મોબાઈલ ફોન સ્વીચ ઓફ કરીને તેનું કવર બદલાવ્યું હતું અને હજુ આગળ કોઈ પ્રક્રિયા કરે, તે પહેલાં જ પોલીસે મોબાઈલ ફોન કબજે કરી લીધો હતો. જે મોબાઈલ તેના મૂળ માલિક તન્વીબેનને પરત સોંપી દીધો હતો, જેથી તેણીએ પોલીસ તંત્રનો આભાર વ્યક્ત કર્યો હતો.

જામજોધપુર ખાતે ૩૧મી જાન્યુઆરીએ ભવ્ય 'આયુષ મેળા'નું આયોજન

આયુર્વેદ અને હોમિયોપેથી પદ્ધતિ દ્વારા નિઃશુલ્ક નિદાન તથા સારવારનો લાભ મળશે

જામનગર : આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, ગાંધીનગર તેમજ નિયામક આયુષની કચેરીના માર્ગદર્શન હેઠળ જિલ્લા આયુર્વેદ અધિકારી-જામનગર દ્વારા આગામી તારીખ ૩૧-૧-૨૦૨૬, શનિવારના રોજ જામજોધપુર ખાતે 'આયુષ મેળા'નું આયોજન કરવામાં આવ્યું છે. આપણી પ્રાચીન ચિકિત્સા પદ્ધતિ એવી આયુર્વેદ અને હોમિયોપેથીના સિદ્ધાંતોનો પ્રચાર-પ્રસાર થાય અને લોકો આયુર્વેદના ઉપયોગથી પોતાની રોગપ્રતિકારક શક્તિમાં વધારો કરે તેવા હેતુથી આ પ્રજાલક્ષી કાર્યક્રમ યોજાનાર છે.

આ મેળામાં વિવિધ સ્ટોલ્સના માધ્યમથી આયુર્વેદ અને હોમિયોપેથી સર્વરોગ નિદાન સારવાર, પ્રકૃતિ અને નાડી પરીક્ષણ, બાળકો માટે સુવર્ણ પ્રાશન, પંચકર્મ અને અગ્નિકર્મ માર્ગદર્શન જેવી સેવાઓ નિઃશુલ્ક પૂરી પાડવામાં આવશે. આ ઉપરાંત, રોગપ્રતિકારક ઔષધ વિતરણ (સંશમની વટી અને આર્સેનિક આલ્બમ), સ્વાસ્થ્યવર્ધક ઉકાળા વિતરણ, વૃદ્ધાવસ્થા જન્ય રોગોની ખાસ ઓ.પી.ડી. તેમજ રસોડામાં વપરાતી ઔષધિઓના પ્રદર્શનનું પણ આયોજન કરવામાં આવ્યું છે. નાગરિકોમાં જાગૃતિ લાવવા માટે આયુર્વેદ ચાર્ટ પ્રદર્શન અને પર્યાવરણના જતન માટે નિઃશુલ્ક ઔષધ રોપાનું વિતરણ પણ કરવામાં આવશે. આ આયુષ મેળો જામજોધપુર ખાતે એસ.ટી. બસ સ્ટેન્ડની બાજુમાં આવેલ 'શ્રી કડવા પાટીદાર જ્ઞાતિ સેવા સમાજ' ખાતે સવારે ૯:૩૦ થી બપોરે ૨ વાગ્યા સુધી યોજાશે. જામજોધપુર તાલુકા અને આસપાસના ગ્રામ્ય વિસ્તારના તમામ નાગરિકોને આ નિઃશુલ્ક આરોગ્ય સેવાનો લાભ લેવા જિલ્લા આયુર્વેદ અધિકારી દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

વિપશ્યના બાળ શિબિરનું આયોજન

જામનગર : જામનગર વિપશ્યના ટ્રસ્ટ દ્વારા ૮ થી ૧૮ વર્ષના બાળકો માટે વિપશ્યના બાલ આનાપાન શિબિરનું આયોજન આગામી તા. ૧-૨ રવિવારના રોજ સવારના ૯:૩૦ થી ૧૧:૩૦ દરમ્યાન કરવામાં આવેલ છે.

આ શિબિરથી બાળકોના દ્રષ્ટિકોણ, વ્યવહાર અને મનોવૃત્તિમાં સકારાત્મક ફેરફારો જોવા મળે છે. તો તમારા બાળકોને આ શિબિરમાં ભાગ લેવા માટે પ્રેરિત કરશો. રજિસ્ટ્રેશન તા. ૩૧-૧ સુધીમાં કરાવવાનું રહેશે. સ્થળ લીમડા લાઈન શેરી નંબર ૪, પૂજાર મોબાઈલ પાછળ કોમર્શિયલ કોમ્પ્લેક્સ, બીજો માળ, મો. ૯૯૦૯૦ ૧૦૨૪૫, ૯૯૨૫૧ ૫૩૦૭૦ પર સંપર્ક કરવો.

ભાજપના ઈસારે એસઆઈઆર કામગીરીમાં ગડબડઃ જામનગર કોંગ્રેસનો ધગધગતો આરોપ

તસવીરઃ સુનિલ ચુડાસમા

જામનગર : એસઆઈઆરની કામગીરીમાં ગડબડ ગોટા થવાના આક્ષેપ સાથે અને જગ્યાએ વિરોધના વંટોળો જોવા મળી રહ્યા છે અને કોંગ્રેસ દ્વારા એસઆઈઆરની કામગીરી સામે વિરોધ પ્રદર્શન કરવામાં આવી રહ્યું છે. SIR ની પ્રક્રિયા ફોર્મ નં.૭ના પગલે ઊભી થતી સમસ્યા મામલે જામનગર સર્કિટ હાઉસ ખાતે કોંગ્રેસની પત્રકાર પરિષદનુ આયોજન કરાયું હતું. જેમાં ભાજપના ઈસારે એસઆઈઆર કામગીરીમાં ગડબડ કરાઈ હોવાનો કોંગ્રેસ દ્વારા આક્ષેપ લગાવવામા આવ્યો હતો. કોંગ્રેસ આગેવાન પૂર્વ સાંસદ વિક્રમ માડમ, જામનગર શહેર કોંગ્રેસ અધ્યક્ષ દીગુભા જાડેજા, જામનગર મહાનગરપાલિકાના વિરોધપક્ષના નેતા ધવલ નંદા, સહારાબેન મકવાણા અને નગરસેવકો તેમજ ભોગ બનેલા મતદારો પત્રકાર પરિષદમાં ઉપસ્થિત રહ્યા હતા.

આઈટીઆઈ પાસ ઉમેદવારો માટે ભરતીમેળાનું આયોજન

જામનગર : જામનગર જિલ્લાના રોજગારવાંચ્છુ યુવાનોને ખાનગી ક્ષેત્રમાં કારકિર્દી બનાવવાની તક પૂરી પાડવાના હેતુથી જિલ્લા રોજગાર વિનિમય કચેરી અને મોડેલ કેરિયર સેન્ટર, જામનગર દ્વારા આગામી તારીખ ૩૧-૧-૨૦૨૬, શનિવારના રોજ સવારે ૧૦ કલાકે એક વિશેષ જોબફેરનું આયોજન કરવામાં આવ્યું છે. આ ભરતીમેળામાં જાણીતી સંસ્થા 'જાનકી ટેકનોલોજી' નોકરીદાતા તરીકે ઉપસ્થિત રહી આઈ.ટી.આઈ. લાયકાત ધરાવતા ઉમેદવારોની પસંદગી કરશે.

આ ભરતીમેળામાં સહભાગી થવા ઈચ્છતા લાયક ઉમેદવારોએ પોતાની શૈક્ષણિક લાયકાત તેમજ અનુભવના તમામ પ્રમાણપત્રોની નકલો અને અધ્યતન બાયોડેટા સાથે જિલ્લા રોજગાર કચેરી, જામનગર ખાતે નિયત સમયે સ્વખર્ચે હાજર રહેવા જિલ્લા રોજગાર અધિકારી જામનગર દ્વારા અનુરોધ કરવામાં આવે છે.

જામનગરમાં ગાયત્રી પરિવાર દ્વારા બોર્ડના વિદ્યાર્થીઓ માટે ૧૫ કુંડી ગાયત્રી મહાયજ્ઞ યોજાશે

જામનગર : ધો. ૧૦ અને ૧૨ના બોર્ડની પરીક્ષામાં વિદ્યાર્થીઓએ કરેલ મહેનત સાર્થક બને, તેવા શુભભાવથી તા. ૧-૨ના રવિવારે ગાયત્રી શકિતપીઠ જામનગરમાં ૧૫ કુંડી ગાયત્રી મહાયજ્ઞનું આયોજન સવારે ૮ થી ૧૨ દરમ્યાન કરવામાં આવ્યું છે. નિઃશુલ્ક સંપન્ન થનાર આ યજ્ઞમાં જોડાનાર વિદ્યાર્થીનું અક્ષત-કુમકુમથી સ્વાગત કરી, શુભેચ્છા સ્વરૂપે પેન-પુસ્તક અર્પણ કરી, મીઠું મોઢું કરાવવામાં આવશે.

વિદ્યાર્થીઓના હસ્તે યજ્ઞમાં ગાયત્રી, સરસ્વતી, ગણેશજી, ગુરૂજી, સુર્યનારાયણ તેમજ મહામૃત્યુંજય મંત્રની આહુતિ અપાવવામાં આવશે. પહેલી પાળી ૮ થી ૯ બીજી પાળી ૯ થી ૧૦, ત્રીજી પાળી ૧૦ થી ૧૧ અને ચોથી પાળી ૧૧ થી ૧૨ એમ ચાર પાળીમાં યજ્ઞકાર્ય ગોઠવવામાં આવશે. વિદ્યાર્થીઓ પોતાને અનુકુળ પાળીમાં નામ નોંધાવી શકશે. વિદ્યાર્થીઓએ જે તે પાળીના સમયે કરતાં ૫ મિનિટ વહેલા આવવાનું રહેશે. યજ્ઞની દરેક પાળીના અંતે કેળવણીકાર દ્વારા ૫ મિનિટની પ્રેરણાત્મક સ્પીચ આપવામાં આવશે. શુભકામના યજ્ઞમાં જોડાવા ઈચ્છતા વિદ્યાર્થીઓએ તા. ૩૦-૧ સુધીમાં પોતાના નામની નોંધ ગાયત્રી શકિતપીઠમાં સવારે ૯ થી ૧૨ અને સાંજે પછી ૪ થી ૮ દરમ્યાન કરાવવા વિનંતી. ગાયત્રી શકિતપીઠના સંપર્ક દ્વારા શાળામાં/છાત્રાલયમાં પણ યજ્ઞનો કાર્યક્રમ ગોઠવી શકાશે. તેમ શ્રી વેદમાતા ગાયત્રી પરિવાર ચેરીટેબલ ટ્રસ્ટની યાદીમાં જણાવેલ છે.

ઓનલાઈન ટેન્ડરની જાહેર નિવિદા
માર્ગ અને મકાન વિભાગ,
જાહેર નિવિદા નં.૦૧ સને ૨૦૨૫–૨૬

નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, જામજોધપુર(માર્ગ અને મકાન) પેટા વિભાગ, (રાજ્ય) કે.વી.રોડ, જામનગર – ૩૬૧ ૦૦૧ દ્વારા કુલ –૧ કામ માટે ગુજરાત રાજયમાં માર્ગ અને મકાન તથા નર્મદા જળ સંપતિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગમાં ઈ–૨ કે તેની ઉપરના રજીસ્ટ્રેશન ધરાવતા ઈજારેદારો પાસેથી ઓનલાઈન ટેન્ડરો મંગાવવામાં આવેલ છે. જેની અંદાજીત રકમ રૂા. ૧૦.૦૦ લાખની નીચે છે. ભવિષ્યમાં કોઈપણ પ્રકારનો સુધારો કરવાનો હશે તો ઓનલાઈન જ કરવામાં આવશે અને જે ધ્યાને રાખી ઈજારદારશ્રીઓએ ભાવો ભરવાનાં રહેશે. ટેન્ડર ડોકયુમેન્ટ તા.૧૩/૦૨/૨૦૨૬ સુધી વેબ સાઈટ https://tender.nprocure.com પરથી ઉપલબ્ધ થશે. વધુ વિગતો માટે પ્રસ્તુત વેબસાઈટ પર સંપર્ક કરવો.
માહિતી/જામ/૯૦૬/૨૦૨૬

પશ્ચિમ રેલવે - રાજકોટ મંડળ

વિવિધ પ્રકારના કરાર માટે ઈ-હરાજી સૂચના
ટેન્ડર સૂચના સંખ્યા RJT-ADVT-25-09 તારીખ: 28.01.2026

રાજકોટ મંડળ માટે નીચેની શ્રેણીઓ માટે ઈ-હરાજી, જે IREPS વેબસાઇટ પર પહેલાથી જ પ્રકાશિત થઈ ગઈ છે.વિગતો નીચે મુજબ છે:

કેટલોગ નંબર	કરારનો પ્રકાર	શ્રેણી	સમયગાળો
RJT-ADVT-25-09	૧) (વિવિધ-સ્ટેટિક સેવાઓ -) એપ આધારિત કેબ / બાઇક સેવાઓ ૩) (પે અને યુઝ-લાઉન્જ/વેઇટિંગ /રિટાયરીંગ / ક્લોક રૂમ) ૪) જાહેરાત - સ્ટેશન પરિસરમાં (નોન-ડિજિટલ) ૫) જાહેરાત - આઉટ ઓફ હોમ	વિવિધ-સ્ટેટિક - સેવાઓ જાહેરાત	03/05 વર્ષ
PARKING-RJT BKNG-MX-21-25-1	૨) BKNG-MX-21-25-1 (પાર્કિંગ- મિશ્ર)	પાર્કિંગ-મિશ્ર	03 વર્ષ

ઈ-હરાજીની તારીખ અને સમય: 19.02.2026 ના 10:00 કલાકે
ઉપરોક્ત કેટલોગ નંબર હેઠળના લોટની વિગતો **WWW.IREPS.GOV.IN** (ઈ-ઓક્શન લીઝિંગ) વેબસાઇટ પર આગામી ઈ-ઓક્શન, ઝોન: પશ્ચિમ રેલ્વે, યુનિટ: રાજકોટ મંડળ - કોમર્શિયલ હેઠળ ઉપલબ્ધ છે. RJT 192
અમને ફોલો કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly

વૈશ્વાનર યુવા સંગઠન જામનગર દ્વારા બોકસ ક્રિકેટ ટુર્નામેન્ટનો પ્રારંભ

તસવીરઃ સુનિલ ચુડાસમા

જામનગર : શ્રી વૈશ્વાનર યુવા સંગઠન જામનગર દ્વારા બોકસ ક્રિકેટ ટુર્નામેન્ટ ૨૦૨૬ નું આયોજન કરાયું છે. પુષ્ટિ સંપ્રદાયના બ્રહ્મ સંબંધી વૈષ્ણવો માટે પુષ્ટિ સંપ્રદાય મોટી હવેલી - જામનગર દ્વારા આયોજન કરાયું છે. જેનું સંપ્રદાયના અગ્રણીઓના હસ્તે ખુલ્લો મુકાયો હતો. પૂ.૧૦૮ હરિરાયજી મહારાજ, વલ્લભરાયજી મહોદય, પૂ. રસાદ્રરાયજી, પ્રમોદરાયજી ની હાજરીમાં બોકસ ક્રિકેટ ટુર્નામેન્ટનો પ્રારંભ કરાયો હતો. સંયોજક મીતેશભાઈ લાલ, સુધીરભાઈ મુંગરા, રણજીતભાઈ મારફતીયા, રશ્મીનભાઈ વાદી, કમલેશભાઈ હેડાવ અને આયોજક કમિટીમાં અમર ગોદીયા, કિશન પાબારી, શ્યામ કોટેચા, ચેતન માપારા સહિતના આયોજનને સફળ બનાવવા જહેમત ઉઠાવી રહ્યા છે.

સૌરાષ્ટ્ર આસપાસ Owner : Leela News Network Private Limited Printer & Publisher Komalkant Fakirchand Sharma, on behalf of Leela News Network Private Limited Printed at 1/6 Ghanchivad , Near Jilla Garden, Rajkot. Published at Near Anupam talkies, Shivam Building, Bedi Gate, Jamnagar. Editor: Rajesh Kiritbhai Dave* Vijay Kotecha(Responcible for News editing as per PRB ACT)